પ્રેમ-ચંદ્રિકા નાટકનાં

ગાયનો.

વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપનીને માટે
રચીને પ્રસિદ્ધ કરનાર

રાવલ ત્રંબકલાલ દેવશંકર
તથા
ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર.
વાંકાનેર આ૦ હિ૦ ના૦ કંપનીના મેનેજર.

આવૃતિ ૨ જી નકલ ૫૦૦૦

અમદાવાદ:
સીવીલ હોસ્પીતાલની સામે શેઠ પાનાભાઇની
વાડીના મકાનમાં "વિશ્વેશ્વર પ્રેસ"માં
ઇશ્વરદાસ જેકરણદાસે છાપી.

સંવત ૧૯૪૯; સને ૧૮૯૩.

કીમત રૂ ૦-૬-૦.

પ્રેમચંદ્રિકા નાટકનો ટુંક સાર.

ભદ્રાવતી નામના મ્હારાજા વિજયસિંહ (પ્રેમસેનના પિતા) નું રાજ્ય તેના પિત્રાઇ દુર્મદ (હીજડા) એ કપટ કરી લઇ લીધું તે વખતે તે રાજ્યની મહિલા નામની એક બ્હાદૂર દાસીએ પ્રેમ-સેન (કે જેની બાળાવસ્થા હતી) ને બચાવી લીધો અને વિક્રમ-સેન મ્હારાજાના કનકપુરમાં આવી તેના બગીચાના માળી પાસે પોતાની ખરી હકીકત છુપાવી કામ કરવા રહી હતી તેને કેટલાક વર્ષો વિત્યાં હતા.

વસંત ૠતુની બ્હાર મહાલવાને વિક્રમની પુત્રી ચંદ્રિકાએ બગીચામાં પોતાની સખીઓ સાથે ફરવા આવે છે અને મદનથી થતો પરિતાપ મનમાં કરે છે એટલામાં પ્રેમસેન ત્યાં આવે છે અને ચંદ્રિકાને જોતાંજ તેનું હૃદય પ્રેમામ્રતમાં લીન થાય છે. ચંદ્રિકાની સખીઓ પ્રેમસેનને માળીનો છોકરો જાણી કહાડી મુકે છે. પરંતુ ચંદ્રિકાનું હૃદય કહ્યું કરતું નથી તેથી તેની ખરી હકીકત જાણવા પોતાની એક ખાનગી દાસીને તેની પાછળ મુકે છે. મહિલાને સર્પ કરડે છે તેથી મર્ણ પામે છે પ્રેમસેનને આકારી જખમ થતાં તે કનકપૂર છોડી કોઇ રાજ્યમાં નોકરી શોધવા જાય છે.

ચંદ્રિકાની ઓરમાન માતાના કહેવાથી ભુદેવ નામનો બ્રા-હ્મણ કાળીકા માતાના મંદીરમાં ઢોંગ કરી બેસે છે ત્યાં ચંદ્રિકા દર્શન કરવા જાય છે એટલે ભુદેવ તેને નદીમાં નાવા જવાનું કહે છે ને તે ત્યાં જાય છે અને ભૂદેવે કરી રાખેલ સંકેત પ્રમાણે કોળી

લોકો તેને નદીમાં ડુબાવી દઇને પોતે નાશી જાય છે.

એક સીંહ તે કોળીઓ પાછળ પડે છે ને તેમાંના એક જણ
ને મારી નાખે છે પ્રેમસેન ત્યાં ફરતો ફરતો આવે છે તે એ દેખા
વ જોતાંજ સિંહને મારી નાંખે છે એટલામાં વિક્રમનો સેનાપતિ
ત્યાં આવી ચડે છે અને તેનું પરાક્રમ જોઇ આશ્ચર્ય પામે છે ને તેને
પોતાની સાથે લઇ બીજાને પકડી પાડવા જાય છે એટલામાં બુદ્ધિ
બીકને લીધે મંદીરમાંથી નાઠો છે તે ત્યાં આવી ચડે છે અને તે
પકડાઇ જાય છે.

નદીમાં કેટલાક જોગી નહાવા આવે છે અને ચંદ્રિકાને ઉ-
વતી જાણી તેને બહાર કાઢી પોતાના આશ્રમમાં લઇ જાય છે.
વિક્રમ પાસે એ બનાવની વાત સેનાપતિ કહે છે અને પ્રેમસેનના
પરાક્રમની વાતથી પ્રેમસેનને ઉપસેનાપતિ તરીકે સ્થપાય છે એટ
લામાં ચંદ્રિકાની સખીઓ આવે છે અને રડતાં બધો હેવાલ કહુંછે
તેથી સેનાપતિ પકડી આણેલા કેદીઓને બોલાવે છે ને તેઓને
મોઢે રાણીના પ્રપંચનો પડદો ખુલો થાય છે. તેથી વિક્રમ ઘણો
ગુસ્સે થાય છે અને રાણીને મારી નાંખવા જાય છે પણ તેના
પ્રધાન તેમ કરતાં તેને અટકાવે છે, બનારસની છોટી રાણીની મા-
નીતી દાસી માલીની પ્રેમસેનપર મોહીત થતાં તેને ત્યાં જઈ પો-
તાની સાથે પ્રીત જોડવા કેટલીક રીતે લલચાવે છે પ્રેમસેન તેને
તુચ્છકારીને કહાડી મુકે છે પ્રેમસેનના પિતાના પ્રધાન યોગીને વેષે
પ્રેમસેનની શોધ કરવા નીકળેલ છે તે ત્યાં આવે છે અને પોતાની
હકીકત કહે છે પણ પ્રેમસેન પોતાની હકીકત ન કહેતાં તેને આશ્રય
આપી ઘરમાં રાખે છે.

બાવાના આશ્રમમાં ચંદ્રિકા આરોગ્યતા પામે છે પણ તે બાવો નીચ ખુની અને કામી હોવાને લીધે ચંદ્રિકાને પોતાને વશ થવા કહેછે પણ તે માનતી નથી તેથી તેને મારી નાંખવા તજવી-વીજ કરે છે એટલામાં ચંદ્રિકાની શોધમાં નીકળેલ તેના પિતાનો પ્રધાન અને જમાદાર ત્યાં આવી ચડે છે અને ચંદ્રિકાને છોડાવી બાવાને કેદ પકડી લઈ જાય છે.

માલીની પ્રેમસેન પર વેર કેવી રીતે લેવું તેના વિચારમાંછે એટલામાં બાવા ચંદ્રિકાની અને પોતાના ગુરૂને શોધતા આવેછે અને

વિક્રમની હાલની રાણીની પુત્રી પ્રભાવતિ પ્રેમસેન પર મોહીત થએલ છે તેણે પ્રેમસેન પર કાગળ લખેલ છે તેનો તેણે યોગ્ય પ્રત્યુતર વાળ્યો છે તે પ્રભાવતિ વાંચે છે એટલામાં માલીની ત્યાં આવી ગુપ્ત રહી સાંભળેછે અને વધારે ખુની બને છે પ્રભાવતિ સુઇ રહે છે એટલે પેલા બાવાઓ સાથે તેનું હરણ કરાવે છે ને પછી એક કાગળ બનાવી પ્રભાવતીના દફતરમાં રાખે છે ને પછે બુમ મારે છે તેથી વિક્રમ ત્યાં આવે છે તેને કહેછે કે પ્રેમસેન પ્રભાવતિને ઉપાડી ગયો અને તેના ખરા પણામાં પેલા કાગળથી મલતા પણું થાય છે તેથી વિક્રમ પ્રેમસેનને પકડવા માણુસો મોકલે છે.

પ્રેમસેન જે નગરચર્યા જોવા રાત્રના નીકળેલ હતો તે બાવાઓની પાછળ પડયો હતો પણ વિક્રમના સીપાઇઓ તેની પાછળ દોડયા હતા તેણે તેની કંઇ વાત ન સાંભળતા કેદ કર્યો અને કાળાગ્રહમાં નાખ્યો.

તે પ્રપંચની ચંદ્રિકાની દાસીને ખબર થતાં તેણે તેની પાસે વાત કહી અને પ્રેમસેનને ત્યાં રહેલ પેલા જોગી (પ્રેમસેનના પ્રધાન) ને ત્યાં બોલાવી તે પાસેથી વધારે ખુલાસો મેળવ્યો. અને જેલરને લાંચ આપી ચંદ્રિકા પુરૂષને પોષાકે પ્રેમસેનને કેદખાનામાં મળી અને પોતાનો ખરો પ્યાર પ્રગટ કરયો; રસ્તામાં જોગી અને સેનાપતિનું મળવું થયું અને તેઓ પ્રેમસેન પરના મિથ્યા રોપની વાત કરતા હતા એટલામાં લાંચ ખાઉ જેલર ત્યાં આવનો જણાયો તેથી તે બાજુ પર થોભ્યા તેજ વખતે માલીની તે જેલરને આવી મળી અને પોતાના કાવતરાંની વાતો કરી એટલે તેમને સેનાપતિએ પકડયા.

ભદ્રાવતિનો હાલનો રાજા દુર્મદ કે જે હીજડો છે અને જેણે નીચ સલાહકારોથી અને ચંદ્રિકાને સતાવનાર બાવાની સ્હાયતાથી રાજ મેળવ્યું છે તેને ત્યાં બાવાઓ પ્રભાવતિને ઉપાડી લાવેલ છે એ હીજડો પ્રભાવતિ પાસે ગરબા ગાય છે એટલામાં સેનાપતિ અને સ્વામી કે જે પ્રભાવતિની શોધમાં નીકલ્યા હતા તે ત્યાં આવે છે અને તેને બાંધી મુકી પ્રભાવતિને લઇ ચાલતા થાય છે. રસ્તામાં પ્રભાવતીને ઉપાડી જનાર બાવાઓ મળે છે તેને તેઓ કેદ કરે છે.

વિક્રમનું હૃદય પ્રપંચ અને કાવતરાથી ખેદયુક્ત બને છે તેને પ્રધાનજી દીલાસો આપે છે તેટલામાં સેનાપતિ પ્રભાવતીને ત્યાં લાવે છે વિક્રમ ત્યાં સર્વ વાતનો ખુલાસો મેળવે છે અને પ્રભાવ

આ કેદીઓને એકઠા કરી તેની જુબાની લઇ ન્યાય કરે છે તેથી ખરી હકીકત જાહેર થતાં પ્રેમસેન દોશ રહીત થાય છે એટલે ધનંજય પ્રેમસેનને હાથે બાંધેલ માદલીયું છોડીને ભાગી નાંખે છે તે માંથી એક લેખ નીકળે છે તેથી પ્રેમસેન રાજ્યવંશી તરીકે જાહેર થાય છે અને સર્વે કેદીઓને યોગ્ય શિક્ષા થાય છે. દુર્મદને સાથે લઇ તેનો સેનાપતિ લશકર લઇ ચડી આવવાની વિક્રમને બાતમી મળે છે તેથી તે પ્રેમસેનને તેનું વૈર લેવા કહી પોતાનું સૈન આપી ચડી જવાનું કહે છે. લડાઇમાં પ્રેમસેન જીત કરી તે પોતાના પિતાનું રાજ મેળવે છે તે વાતની વિક્રમને ખબર થતાં તે ઘણો આનંદ પામે છે અને પોતાની પુત્રીઓને લઇ ભદ્રાવતીમાં જાય છે અને પ્રેમસેનનું રાજ્ય પોતાનાથી ઉંચા દરજ્જાનું છતાં તેને પોતાને ત્યાં નોકર રાખ્યો તેનો બદલો વાળવા તેમજ પોતાની પુત્રીઓનો તેના પ્રત્યે પ્યાર જાણી પ્રેમસેનના હસ્તમાં તે તેના હસ્ત સોંપે છે. પ્યારની પરિસીમાં આનંદની અવધી અને પ્રેમચંદ્રિકાનું અવલોકન.

પ્રેમ—ચંદ્રિકા.

અંક ૧ લો.

ચંદ્રિકા તથા
તેની સખીઓ — (૧)

ગાઓ આનંદે સહુ આજ, પ્રભુના મહિમાને;
થાઓ બેન કૃતારથ આજ, નિરખો રચનાને.
આ ડોલર આ ગુલાબ બ્હેકે, ચંપો અને ચમેલીરે;
જુઓ જુઓ આ કદંબ વૃક્ષે વીંટાણી જુઈ વેલી. પ્ર૦
બેશી આંબા શાખપર, કરે કોકીલા ગાન,
સુંદર મધુરા શબ્દથી, તૃપ્ત કરેછે કાન;
કળા કરીને મનહર મયુરો, નૃત્ય કરે આનંદેરે;
કીલ કીલ કરતા મેના પોપટ, અહીં તહીં ફરે સ્વછંદે—પ્ર૦
વિચિત્ર રચના છે રચી આ જગમાં ભરપુર,
તે શ્રીપતિના સ્તવનમાં મચો મદે ચકચુર;
પરસ્પરે દઇ તાળી કરમાં નીજ પગ સરખા મેલોરે.
નાચો ગાઓ બેનો આજે ખેલ વસંતી ખેલો—પ્ર૦

ચંદ્રિકા— (૨)

ખીલી વસંત બ્હાર—સખીઓ.
આજતો આનંદ ન સમાય મુજ અંગ આ,

ઉપવન મન હરનાર. સખી જો.
નવીન પલ્લવ સહુ વૃક્ષો ધારે.
અલી ફુલ કળી ચુગી રીઝે અપાર, જો ખીલી.
સીતલ મંદ સમીર સુગંધ,
સીંચે શુભ સર્વ સ્થલે નિરધાર. જો ખીલી.

સુમતિ— (૩)

આ આમ્ર વૃક્ષે વસંત પક્ષે ઓઢેલું દીસે;
પલ્લવ નૌતમ તે જાણે નિર્મળ સ્વજ્જન તણું મન.

૧ લી સખી—

આ આમ્ર વૃક્ષે વસંત સાડી પ્હેરી દેખાડી,
કહે ઉચારી કે આમ પ્હેરો ચતુર બાળી,

૨ જી સખી—

આ આમ્ર વૃક્ષે વસંત વૈદ્યે કર્યો છે વાસો, તે આપે
ઔષધ ભોગીને અમ્રત વિયોગી ને વિષ તણો દિલાસો.

૩ જી સખી—

આ આમ્ર વૃક્ષે વસંત ગુરૂવર દીસે પધાર્યા,
સદુપદેશે સહો સુધાર્યા સુ શિક્ષા તમે લહોની.

૪ થી સખી—

આ આમ્ર વૃક્ષે વસંત સીપાઇ આવ્યો છે ધાઇ,
આપે વધાઇ કે કામસેના આવી છે આંહી.

નેપથ્ય— (૪)

નવ યૌવન ખીલતી કળી દીસે, વસંત તણા શુભ કાળે;
પ્રેમ ભ્રમર તે કેમ ન ચુમ્બે, ફરે અહીં બેહાલે.

ચંદ્રિકા— (૫)

ક્યાંથી આ સંભળાય.—મધુર સ્વર.
દીસે નહીં કો ક્યાંય—મધુર સ્વર.
નવીન પક્ષી કો આવ્યું જણાએ, આ ઉપવનની માંહે;
સખી સહુ જાઓ તેને લઇ આવો, તો સુખ મુજને થાય.
તન મન ધન સહુ અર્પણ કરીને, રાખીશ મ્હેલની માંય.

ચંદ્રિકા— (૬)

અનંગ આગ આવી લાગ્યો આ હૃદય મહીં,
દુ:ખદ સહુ સમાજ આજ દેખું અહીં તહીં.
સ્યો ઉપાય થાય હાય હુંથી રે જરી,
થા સહાય જગત રાય જાણી દીકરી,
દેહ લાહ્ય બાળે કાય અરર ઓ હરી.

પ્રેમસેન— (૭)

દીલ ખુશ પ્યારી રાજકુમારી કેમ રડે અહીં એકલી છે,
મુખ શોભાએ શસી સરમાએ નવરાંતે વિધાએ ઘડી છે,
દાસ કે દાસી પાસ નથી કો કોણ થકી અહીં છળી મરી છે
સ્વસ્થ થઇને પુછું જઇને મુજ મન મોહક એ પરી છે,

સખીઓ—

(૮)

અરે જાજા અહિંથી નાદાન આવ્યો કેમ,
આંધો બનીને તું શું જુવે છે આમ તેમ;

પ્રેમસેન—

ગડબડ ગડબડ કેમ કરોછો વીના વિચારે સહુ લવોછો
એકલી રડતી જોઈ આવી દીલ રેમ.

સખીઓ—બાંધી તને બહુ માર દઈશું,
પ્રેમસેન—વાહ શુભ ન્યાય તમારો કહીશું;
સખીઓ—અરે જા દૂર થા મુરખા,
પ્રેમસેન—તું બતાવ ન ડર કલકલ ના કર.—ગડબડ.

સુમતિ—

(૯)

દાસેં આજ્ઞાવત અનુસરવું અનુસરવું ડગલું ભરવું.
બહુજ હઠીલા રાયનાં બાળક મરજીને આધીન રહેવું.
દુધ કાળું ને ધોળા કોયલા હાજીહા કરતા રહેવું.

ચંદ્રિકા—

(૧૦)

મને માતાજી બોલાવે આજ આનંદનો દાડો,
જઈ પાય નમું અતિ પ્રેમ ધરી કરું રાજી વહીને સુવાક્યનજી,
ફરી નેહ ન રાખશે ક્રોધ જરી આપી સુમતિ પ્રભુએ,
માતે પ્રેમ દર્શાવ્યો મને માતાજી,

પ્રેમસેન— (૧૧)

હાં ચટક લટક સટક તેં આ ઘટમહી ઉતારી રે,
સનનન છુટયું નેન મહીંથી તીર તિક્ષણ ભારી રે. ઘા કારી રે.
ભાળી મને ધારી દાસીએ તારી કરી બહુ લવારીરે. વિણુવિચારીરે.
શૂરનું પૂર બતાવું જગતમાં કરૂં તને હું મારીરે પ્રાણ પ્યારીરે.

ગાંગો— (૧૨)

ખાવીસે મારે છાહને ઘેહ હે ખાવીસે મારે;
માડી મારી જાડી તું સો જાણે ભગરી ભેંહહે.
લહણુને ડુંગરી ભાવે બઉ પણુ ગાજર મુરાનુ મનસે,
કોહ ખેડત્તાં "ચીઈ કુડ ચીઇ કુડ ચીઈ કુડ"
ઢાઢાંનું પુસડું હખે મરડતાં "ડચ ડચ" હેહે
ઓ બીલી બોલી—ઓ ભેંસ ગાંગરી,
માખણુ ચોપડી એક રોટલો આજ તું દેનેદે.

રૂડકી— (૧૩)

હારા જનના પગલાં તી હઉને ઘરે હજો;
હઉને ઘરે હજો લીલાલેર પામજો.
હળા હળ કળ જગ આવ્યોસે હમણા,
પાપી માણેસે બહુ મોજ ને મજો.
હતવાદી માણુહા તો ક્યાંઇક ભાળીએ,
કુડાં કપટીને મોઢે ધુડ નાખજો.

મહીલા— (૧૪)

સમયાધિન થઇ રહેવું સમજ મન,
અકળિત માયા ઇશ્વર કેરી સુખ દુઃખ સઘળું રહેવું.
ક્ષણે રંક રાજા બને ક્ષણે રાય બને રંક.
સુખ દુઃખ મનની કલ્પના સમજી રહો નિઃશંક;
પ્રભુ હાથમાં બાજી ત્યારે કયાં જઇને કહેવું.—સમજ.

મહીલા— (૧૫)

ઓ પ્રેમ, મુજ જીવન પ્રેમ, આવ્યો ના કેમ, ઘટેના એમ;
હું આં પડી, છેલ્લી ઘડી, કરણી નડી, મોતે ઝડી. ઓ પ્રેમ,

પ્રેમસેન— (૧૬)

મુજ માતુ મરીરે ગઇ-અરે-દુ ખ દીવસની શરૂઆત થઇ,
લાડ રૂડાં હવે કોણ લડાવે, કોણ બોલાવશે ચુંમ્બન લઇ;
સાંભળ માતુ તું એક વારે, બોલ મને પ્રિય પ્રેમ કહી.

પ્રાણલાલ— (૧૭)

અરે હાય હાયે મોટાના છોરૂ શું આવા થાય,
નીત જાએ જાએ વેશ્યાને ત્યાં નશા પાણી લેવાય,
બનશે મઝેના લાલ ફાંકડા સોટી લઇ હાથે,
છાતી મરડતા અને ભટકતા કુટણાને સાથે;
લઇ ચાવીને ચોરે પૈસા નીજ ઘરમાંથી,
કુખાજ ખાવા શોધે નિત્યે નીચ સંગાથી.

નાની વયેથી વ્યસની થઇને શેઠ બહુ વખણાય.

લક્ષણા—

(૧૮)

શોક છોર સુખ જોતાં, ઝેર હળા હળ હયામાં વ્યાપે;
એ દુઃખ અંતર કેર, શું આ જગમાં કોવીદ પણ માપે.

લક્ષણા—

(૧૯)

શાંતી થાશે સારી એ કંટક અલગો થાતાં ચીત,
ડહાપણ એનું સહુ ભૂલાવું, દુઃખ સાગરમાં સઘ ડુબાવું;
છે મુજ શોક તણી એ કુમારી, વૈર તેહ વિચારી.

વિક્રમ—

(૨૦)

શ્યો પ્રિયે અફ્સોસ આપને, કહો ધરી મન ધીર;
સમજુ છો જાણો જે સોસે સુકાએજ શરીર,
શું દુઃખ અંતર રાખો છાનું, થઇને ગુણ ગંભીર;
પુર્ણ મનોર્થ કરીશ તમારા, થશો નહીં દીલગીર.

ચંદ્રિકા—

(૨૧)

સુખી થઇ હું આજે—સુણીને વિચાર સૂખકાર નિરધાર,
છોર સુખે સુખીઆં છોર દુખે દુખીયાં કોણછે આ જગમહીં;
વિના માત તાત હું આજે સુખી થઈ.
અભાગી છોર જે માત તાતને સતાવે, અકળાવેને મુંઝાવે.

ચંદ્રિકા—

(૨૨)

માતાજી મારાંરે સુણોને રે;

સાવકી માતુ સુખ બહુ આપે, દુઃખ ના દેખું લગાર
ધિઃક ધિઃક છે અવિચારી છોરૂને, રાખે ન માપર પ્યાર

લક્ષણા— (૨૩)

મારૂં હાર એ છોડીને બહુજ હું રીબાવીરે;
ખુબ કૂસાવું વૈર હું વાળું, નીતનીત પ્યાર એને નવીન બતાવીરે.
ટાઢક વળશે સુખ બહુ મળશે શોકનું છોરૂ મરેતો જાણું હું દીવાળીરે

રખડો— (૨૪)

પૈહો હરહાટે કમાવો એમાં બીવું તે હાને વળી રોવું તે હાનેરે,
રાજા મારેસે કંઇક ગામડાંરે લોલ, મીતા લીએસે લાંસ બારેરે.
દીએ લુંટે બજારને કેવાય હાવકારરે—પૈહો,
ભામણ ઠગીને બધા લોકને રેલોલ, લાડવા જમેસે દનદાડી;
જાપ જુઠા જપેસે કોણ તેને પુસેસેરે—પૈહો,
નીમક હલાલ ખરા આપણે રેલોલ, હાચા કામા કરનારા;
જુઠીઓ—અલ્યા હાચી સેવાત, સાલો જાઇએ હંગાથરે—પૈહો.

ચંદ્રિકા તથા સખીઓ—(૨૫)

નમામી મહીષા સુર મર્દીની, નમામી મામક પાલીની. નમામી.
મહીષ મસ્તક નટનવેદ વીનોદીની મોદીની માલીની માનીની;
પ્રણુત જન સોભાગ્ય જનની મહીષા સુર મર્દીની,
શંખ ચક્ર શુલાંકુશ પાણી, શક્તિ સેના મધુર વાણી;
પંકજ નયના પંનગ વેણી પાલીત ગુરૂ ગુહ પુરાણી;

શંકરાર્ધ શારરણી સમસ્ત દેવ તરૂપીણી;
કંકણા લંકૃતા જનની કાત્યાયની નારાયણી મહીષા-

(પ્રો. મૌલાબક્ષ).

પ્રેમસેન—

(૨૬)

હું શું જાણું જે જગદીશે નશીબે શું છે નિરધાર્યું;
જે લિખ્યું તે બધું વેઠ્યું જે વીતે તે જોવા ધાર્યું;
નથી મુજ માત કે પ્રિયતાત નથી કોઇ મિત્ર કરું જઇ વાત;
દુઃખી દીન રાત ચિંતાને ઉચાટ અરે દૈવઆ શું વિચાર્યું.

શત્રુજીત—

(૨૭)

અરે ચંડાળ ચંડાળ આ જાણાસ પકડ પકડ શૂરા;

ભુદેવ—અરર હાય અરર હાય હાય હાય.........

બધા—ચુપ હરામી મુચા બામણા;...........

ભુદેવ—વાંસો ફાટયો ઓય અર,..............

શત્રુજીત—.................ન ઢોંગ કર હરામી જાત;

ભુદેવ—ઓય ઓય જીવ જાય.................

બધા—.....................છો જતો અરે ગધા;

ભુદેવ—હાયરે મુવો હું આજ હાક્તો શુરા થયા,

અંક ૨ જો.

(૨૮)

ખારવા—

હાંરે હોડી પવનની લ્હેરે વાહ હારી મઝા અહીં સેરે,
માચલો—સરરર સરરર ચાલે સટસટ આ હલેસાંને જોરે;
અરજણીઓ—કાંઠે કાંઠે હળવે હળવે આજ સાલવા દેરે.
માચલો—અરજણીઆ તું ઉંઘ મકરજે ડુખાંણુ હાચવજેરે;
જાળ નાખીને મોટી માછી મારે પકડવીસેરે
માચલો—ઓ આવી આવી આવી મોટી મોટી નાની નાની;
અરજણીઓ
ક્યાં સે ક્યાં સે હેં હેં હેં મને જોવા તું ઝટ દેરે.

(૨૯)

જોગીઓ—

જગતમેં મોજ મજા કરનાં સુનો સબ હય આખર મરના
જંગ મચાના જાલ બીછાના માલ ચુરાના નયા પુરાના;
બનકર જોગી રાજ જમીપેં ના કીસીસે ડરના—
ઘાંચી મોચી બનીઆ ધોબી ગરીબ તવંગર કોંબી;
લુંટ માર ફીર માલપુવેસે પેટ ખુબ ભરનાં.
રામ નામ જપના પરાયા માલ અપના વોહી ખ્યાલ રખના

(૩૦)

જોગીઓ—

બસ કરો જગતમેં ઢોંગ સોંગ બલજોરી;
બેહ હય સબકા સરદાર કરેં જો ચોરી.

કપટ જાળ બીછાયકે રહેના એકહી ધ્યાનસે;
રટન કરો મુખ રામકે નામકા ફીર મારો મછી પાણસે;
યહ સત્ય બાત સબ સાધુ ભાઇ સુનોગી.

ધનંજય— (૩૧)

હાય લાગી લાય તમ મન બરબર થાય—નિરૂપાય થયો છેક;
સુઝે ન વિચાર એક, રહે કેમ હવે ટેક, આ અવનીમાં;
કરમ મરમ કોથી કળી ન સકાય મુનીવર ગોથાં ખાય.
કહો કોણ જાણે મારૂં નામ ઠામ કામ, રખડું ભીખારીથઇ
આમ ધરી હામ સંતો રામ તણું નામ લઉં મુખ દીનજામ;
પણ મુજ મન મહી રહી રહી કંઇ કંઇ ચટપટ ખટપટ

નવીન ભરાય.

રૂકડી— (૩૨)

એ કેતો વેરાગણ થાઉં રે સનડો, એ કેતો પીયરીએ જાઉં રે.
સનડો સનડો શું કરે, સનડો નદીએ નાવા જાય.
નાતાં ધોતાં ઇને નાવડેરે પુસે ગારામાં ગોથાં ખાય રે.
આવળ બાવળનો રેંટીયો ને ખરા લોઢાની ત્રાક;
હાકુ જાણે વઉ કાંતહેરે, એણે લીધો વાંઢાનો હાથ રે,

ગાંજો— (૩૩)

પૈણ્યાનું સેં મન રે. પૈણ્યાનું સેં મન વઉ રૂડી રતનરે.;
વૂરરાજા થઇ ઘોડે ચડહું ઢોલ વાગે ઢમ ઢમ;

ગોવાળા હંગાથે લઇને ખુબ ખરચહું ધન રે.
વડ જોડે બેહીને સાનું મીઠાઇ ખાવાનું મન;
સાડે ગાલે બટકુ ભરતાં જીવતર તો ધન ધન રે.

પ્રેમ— (૩૪)

મરજી શું પુછો મારી સરકાર.
આપ સમા મહીપર મ્હારાજા, ક્યાં મળશે મને ગુણભંડાર
દસ દીશ ભારી, કીર્તિ સારી, જોતાં ધારી. નહિજ મણા;
નીતિ સારી કીધી પ્યારી દુઃખ વિદારી દીન તણા;
ચડતી મારી ચિતે ધારી આપીને અધિક માન;
દુઃખ પુર જશે દુર કૃપા જો તમારી—મરજી.

સુમતિ— (૩૫)

દુઃખની કહાણી આપ આગળો કહેતાં કંપેછે કાય.
જીભ ઉપડતી નથી જરી અધિકાધિક ખેદ થાય.
નાના મુકીને બાળ જગતમાં કોની મરજીમાં માત;
સાવકીનારે પ્રપંચથી આ થયો ઉતપાત.

વિક્રમ— (૩૬)

બસ બસ મારૂં દાર કરૂં પાર એ નારીને આજ;
અરે નીચ તે ખચીત કીધો કેર વરસ્યું ઝેર.

મારે હાથે તુને હણુવાથી હોલાસે મારી દાઝ.
નાઠરી જરી ખુની થઈ ખરી અહાહાહાહા એણે કીધું કેવું કાજ.

માલીની— (૩૭)

પ્રીતડી પસારૂં જઈ પ્રેમથી—રંગીલી રૂડી૦
માલીની હું રાજ મહીં માન બહુ પામું;
મનનું માન્યું કરૂં આનંદથી.
નારીના ચરિત્ર પાસ તુચ્છ સર્વ પુરૂષ છે;
હું સમી પ્રપંચી પૃથ્વીમાં નથી.
પ્રેમને ફસાવી મુજ પ્રીત તણી પાસમાં;
તે સંગે રમીશ પછી મોજથી.

પ્રેમ— (૩૮)

નથી આનંદ નથી કાંઈ શોક નથી આ જગત નથી કંઇ લોક;
ગયું સર્વે રહ્યું પણ એક -હૃદય રડતું -હૃદય રડતું.
નથી કંઇ ગામ કે કંઇ ઠામ નથી કંઇ વન બધું નીરજન,
નથી મુજ મન કે પ્રિય તન -હૃદય રડતું રહ્યું રડતું.

માલીની— (૩૯)

આશા મુજ પુરણ થઇ થઇ અહા ! છબી શી છે યુવકની,
આજ વસી મુજ મનમાં—આશા મુજ.

કાંતી અધિકજ કામદેવથી, ભાગ્યવંત થઉં એની શેવથી.
તન મન ધન અરપુંજ સહી.—આશા મુજ.
જોતાં મન લલચાયું મારૂં, ધિરજ કેમ હવે હું ધારૂં;
ચાલ બોલાવું પાસ જઈ—આશા મુજ.

માલીની— (૪૦)

અરે નહીં નહીં નહીં તું ધિઃકાર,
બાંધી પ્યાર તને ગણ્યો હૈયા તણો હાર—
દીન અબળાને દુઃખ બહુ દેતાં,
થશો અપરાધી પ્રભુ તણા નિરધાર—

પ્રેમ—ક્યાંથી આવી કેમ ફાવી જા નઠારી નીચ નારી;
છો ઠગારી ધિઃક તને ધિઃકાર ધિઃકાર

પ્રેમ— (૪૧)

આ જીવતી બલા (૨) ન જોઇ હોય તે જોઈ લેજો.
ડર બતલાવી પ્યાર બંધાવે આમ તેમ સમજાવે;
અભાગીઓ જે પુરૂષ હોય તે એની જાળમાં આવે.
સાચી આપું સલાહ—ન જોઇ.

માલીની—બકવા બહુ તું ના કર મુખથી અભાગીઆ આવાર;

પ્રેમસેન—બસકર ચાલીજા જીવ લઇ નાસીજા;
લાજે છે જોઇ તને સજ્જન બલા.

માલીની— (૪૨)

અરે ચંડાળ તું આવાર લવરી તારી મેલ;
હવે સપાટો જોજે મારો ટુંક વખતમાં ખેલ.
અણસમજુ મુરખ તું કર ના માથાકુટ;
યાદ રાખજે સ્વાદ ચાખજે વન વગડાના ભુત.
જો નફ્ટ મારી તું ઝપટ;
અપમાન કર્યું તેં મારૂં, તે કદી નહીંજ વિસારૂં;
કાળું મોઢું થાશે તારૂ અરે અસમજુ ખેલ.

ધનંજય— (૪૩)

કહાં મીલે મોએ પ્રેમ અબ પ્રભુ કહાં;
ઢુંઢ ફીરા મેં સબ સંસારા. ના દેખા કછું નેમ.
નાથ કૃપાસે પ્રેમમેં પાઉં યહ ઇચ્છા દીન રેન.

પ્રેમસેન— (૪૪)

સુખ દુ:ખ વારાફરતી છાયા કાયં વીધિનું એવું;
સંકટ સમયે ધીરજ ધારી, પ્રભુ રાખે એમ રહેવું.
શાને શોચ કરો, અહીં મુજ પાસ ખુશીથી રહો;

શ્રીમંત— (૪૫)

નીજ સ્વામીતણી શેવ નીત રાખી, નાકરે તે નીચ જાણવો કુંનતી;

આહ સુણીને ચહુજે કર્મ કુડું, કહો કેમ થાય તેહતણું રૂડું;
કરી હાડકાં હરામી જે ફરેછે, અંતે નર્ક કુપમાંહી તે પડે છે.

ચંદ્રિકા— (૪૬)

ત્રાસ આ સ્થલે અતિ મન મારૂં થરથરે પ્રભૂ ત્રાસ;
યોગી થઇ અરે બહુ દુષકૃતો કરે કંઇ બીક ના ધરે પ્રભુની તે ખરે

ચંદ્રિકા— (૪૭)

સ્યાને તું સતાવે દૈવ સ્યાને તું સતાવે;
છેઃ નમેરો થઇ શું આમ અમુંઝાવે. ને ફસાવે.
-હૃદય રોઇ રોઇ થાક્યું આંખે અશ્રુ નાવે;
દુઃખના પુકાર કહો, કોણને સુણાવે; પાર આવે.

ચંદ્રિકા— (૪૮)

મોહન મુરત સુરત પ્યારી (૨) દેખી તે દિનથી;
તનથી મનથી નેનથી છુપી જાય ના વિસારી.
મળીને બાગમાં મોહ લગાડયોરે, લપટ ઝપટ ચપટ કરી યારી.

અલેકનાથ— (૪૯)

બિચાર મેરી પ્યારી કર દિલમેં જરાસા બિચાર;
ઉપરસેં જોગીમેં ભોગી બડાહું અછા સમજતા હું પ્યાર.
સુન તેરી શેવામેં હાજર કરૂંગા રાજનકી રાની દો ચાર;

ચંદ્રિકા— (૫૦)

ધિ:ક ધિ:ક ધિ:ક તને પાપીરે.
ઓળખીઓ તને ચંડાલ, કરીશ તારા હું બેહાલ;
આવતાં પાસ નાખીશ તારૂં ગળુ હું કાપીરે.

માલીની— (૫૧)

અતિ ઉપકાર જોગી તમારો આભાર,
મને થયો છે આ ધાર, ખરે ખાત અતિ;
જોઈ તમ કામ પ્હોંચી મન તણી હામ,
મને થયો છે વિરામ વધ્યો હર્ષ અતિ. (૨)
પાય પડું અરે પ્રભુ પાય હું પડું તમારે આંખોની સાથે આ વારે
કરૂં વિનતી પ્રીતે કરૂં વિનતી.

પ્રભાવતી— (૫૨)

પ્યારી પત્ર પ્હોંચ્યો તાહેરો, આજ લીધો આનંદે વધાવીરે,
ફરી ફરી વાંચ્યો અતિ, પ્રિત થકી ભરપુર;
મુખથી ના વરણવી શકું બન્યો પ્રેમ મદે ચકચુર,
સુંદર રાજકુમારી તું હું સીપાઇ છું હાલ;
તુજ સંગે કેમ માહરો થશે સંબંધ તે આ કાળ,

માલીની— (૫૩)

થયું વિશ્વ સકળ શાંત, નિદ્રા સ્વતંત્ર રાજ માણતી;

ચમકેછે તારા રહીને આકાશે, અહા ! શોભે ભલી ભાત.
કોમળ કાળી મખમલમાં જાણે જડીત્ર છે ઝવેરાત,
પામી વિશ્રાંતી સુતાં સહુ પ્રાણી તજી ચિંતાને ઉચાટ;
ચોર ઘુવડ ને કામી જનોનો ખુબ વધ્યો હવે ઠાઠ.

વિક્રમ— (૫૪)

જુલમ કેવો આ જણાય મને લાગી ચિત્ત લાય, રત્ન મારૂં શું લુંટાય.
પાપી પ્રેમ તણી ઘાત હું કરીશ મારે હાથ, હાય નીવડયો એ કુજાત.
જાઓ દોડો શુરવીર પકડો પાપીને સુધીર જલ્દી પ્હેરાવો જંજીર;

અંક ૩ જો.

ચંદ્રિકા— (૫૫)

વિધિએ આશા મુજ વ્યર્થ કરી શુધ ખુધ સહુજ હરી,
હાય અભાગી હું શા કારણ આ જગમાં અવતરી;

ચંદ્રિકા— (૫૬)

દુઃખની સીમાના રહી—પ્રભુ મારા,
આવી અહીં અતિ કષ્ટ વેઠીને પણ સુખ આશા ન કંઇ.
આશા વ્યર્થ થઈ સહુ મન તણી મલી નહીં પ્રિય પ્રેમને·

આરોપી કરી કેદમાં એ પડશો કલંક ચોટશે એનને;
છોડાવું છેલાને શોધાવું એનીને તો સુખ હું પામું સહી

ચંદ્રિકા— (૫૭)

સુણી પ્રીતમ સંકટ ધીર કેમ હું ધરૂં-૨ દુઃખ એનું તો હરૂં.
શું કેદમાં મુજ પ્રાણ પીડાશે નીચ જનોનું કરૂં હત્યા પાધરૂં.

પ્રેમ— (૫૮)

શું થયું મારૂં બદનામ હાર્યો મનની હું હામ,
વિણ અપરાધે આમ પડ્યો છું કેદ આ ઠામ,
કલંક ચડ્યું આચાર નવ સુણે કોઇ પુકાર;
નથી પ્રપંચનો કંઇ પારછે એકઇશ આધાર.

પ્રેમ— (૫૯)

પ્રિયા મુજ પ્રાણ થકી પ્યારી આનંદની લ્હેર રહી જામી,
તનના મનના દુઃખના ભડકા સહુ નાશ થયા દર્શન પામી.
ચંદ્રિકા—વલભ મુજ આહીં વીણ વાંકે પડ્યો છે કેદમાં સુણીને;
બળતી જળતી ચિતમાં હું અતિ છોડાવીશ સદ્ય મુજ સ્વામી,
પ્રેમ—અભાગી આ જીવન સંગે ખરો તેં પ્યારછે બાંધ્યો;
લટકે મટકે રસને ચટકે રહીના સુખમાં ખામી.

ધનંજય— (૬૦)

નર્કોજ માનું રાજ કુંવર પ્યારો પડયો કેદ માંહી બિચારો,
વીર મણીએ ત્યાં વીણવાંકે ફસાયો વ્હાલો મારો;
પ્રાણ જતાં પણ કરીને પ્રયત્નો છોડાવું દુઃખથી વ્હાલો.

માલીની— (૬૧)

મના બિરજ ધાર દિલદાર મુજયાર તું આવાર જરા કરવિચાર,
હું કરીશ પ્રાણ ધાર શેવા તારી-રૂ-ઉર ઇછા નીશ દીન એવી મારી રૂ
નવ બનીએ નાદાન ધર ધ્યાન દીલ જાન;
પુરણમલ—જાઉં વારી પ્યારી મારી ખરી તારી દીલ દારી.
મારી ચાલ તેં સુધારી આજે પ્યારી પ્યારી પ્યારી.

શત્રુજીત— (૬૨)

અહા વાહવાહ યારી તમારી ખરી;
ધનજય—ખુશીથી ચુંટેલી આ સુતને વરી.
શત્રુજીત—આવી જોડ શોધ કરે જગમાંથી નવ મળે;
ધનંજય—સારે નસીબે હમારી નજરે ચડી.
પાપીને પકડી આજ દીલની ઓલાવો દાઝ;
પુરણ—પાય પડું મ્હારાજ,
માલીની—આપ હાથે મારી લાજ;

શત્રુજીત—ફુલેકું તમારૂં ગામ માંહી આજ ફેરવીશું;
ધનંજય—મોજ કરો ગધાની સ્વારી કરી.

સુખલાલ— (૬૩)

અરે હાય હીજડાનું રાજ નીચ કૃત્ય નીચે ત્યાં થાએ કહેતાં આવેલાજ.
સુરખ મંત્રી રાખે પાસે ખવાસ સંગે રમે હુલાસે સજીનારી સમસાજ
નપુંસક હોય નરેશ જ્યાંહે ત્યાં સુખની શીઆશ પ્રજાને દીલમાં ઉહેદાઝ
ઓપ્રભુ આર્ય ભુમીમાં એવા ક્ષાત્રવંશને કલંક દેવા શું સરજાવ્યા આજ

દુર્મદ— (૬૪)

આજે આનંદ દાડોરે પ્રભાવતી ડાહી થઇ,
આવ્યો સુખનો વારોરે કેતાં ઝટ સમજી ગઇ;
ગીત રૂડાં હું ગાઉંરે આનંદની એલી થઈ.

પ્રભાવતી—દુષ્ટછે ધિઃક તુને રે અકલ કેમ ઉડી ગઇ.

ફકીર— (૬૫)

સબ જુઠારે જતન મૌલાકા નામ સચા,
સાથી હય વોહી એકી કો જાહમે નાહીં દુજા;
કયોંરે દીવાને તુઝકો દુનીઆકા ઇસ્ક સુઝા,
માદર બહેન બીરાદર પીદર ચચા ઓર ચાકર.
સબ સુખકે હય સંગાથી દુઃખમેં ન દાદ લે.

તું કહતા મેરા મેરા યહાં તેરા કૌન હય,
એક દમકા નહીં ભરોંસા ફીર અયસા કયું કહે.
મિટીમેં તેરા રહેના મિટી તેરા બિછોના,
મિટીમે હય મીલજાના ફીર ઉસ્મેં કયા લુભાના.

વિક્રમ— (૬૬)

ઓ બદનામ મુરખ તમામ નીમકહરામ ધિ:ક તમ કામ
કપટ કરમ કરનાર તું છે માલીની અપાર જોગીઓ ચંડાળ
કર્યો ના વિચાર દીલમાં લગાર જે મુજ રાજ રતન;
જે મુજ તન મન ધન અપાર આવાર સુખીયો થયોજ હું.

શ્રીમંત— (૬૭)

સુણો સજન આ પત્ર તમે સહુ લખેલ છે કંપિત કલમો;
કરે વીનંતી ગરીબ અબળા સત્ય વાત સહુ જાણો તમો.
કર્યો પ્રભુએ કેર જે વારે ભદ્રાવતિ શુભ નગ્ર પરે;
વિજયસિંહ મ્હારાજ હણાયા દશા મંદ થઇ તેથી ખરે.
દગો કરીને દુષ્ટ દુર્મદે રાજ્ય લીધું કરી કેર બહુ;
રાજબાળને હું લઇ નાઠી દુ:ખ દાવાનળ કોને કહું,
દુશમનના ડરથી ગભરાઇ ગુપ્ત રત્નને રાખ્યું છે;
રક્ષા બંધન નામે માદલીયું મેં કરમાં સ્થાપ્યું છે.
રાજ રત્ન એ "પ્રેમસેન" છે સુર્યવંશમાં મહાન મણી;
રક્ષણ તેનું પ્રભુજી કરજો "મહિલા" આશીસ આપે ઘણી;

પ્રેમ— (૬૮)

ચાલો ચાલો શુરવીર ધરી ધીર,
મારો કાપો ઉડાવો શત્રુના આજે શીર શીર શીર.
લોહી દુશ્મન તણું પીશું હર્ષેથી ઘણું;
પાપીને હાથેથી હણું;
વૈર લઇશું આપણું;
સનનનન છોડી બાણુ થકી તીર.

મગન— ૬૯

કરે નીચ તણો સંગ મન આણી ઉમંગ;
છતી આંખેતે અપંગ જગતમાંહી જાણજો.
પડી દિપમાં પતંગ બાળી નાંખે નીજ અંગ;
લઇ દાખલો કુસંગ વાત ઉરે આણજો.

પ્રાણ— (૭૦)

ધિ:કછે ધિ:ક અતિ જગ માંહીરે;
નિર્દોશી ઉપર અતી આળ ચડાવે જેહ;
પાપી પુરું પ્રમાણજો આ અવનીમાં એહ.
રાજ દ્રોહ કરનારનો વ્હેલો આવે કાળ;
જુઓ દુષ્ટ આ માલીની અંતે થઇ છે બે હાલ.

બધા (૭૧)

વીર વહો વિજયની હની, આજે ગજવોને અહીં;
કૃપા થઇ છે પ્રભુજીની;
પ્રેમ—તખત આપણે નગર આપણે આજ જઇશું રી;
બધ:—ઝટપટ શુર ચાલોજ સહી સહુ લ્હેર કરીશું રે;
આજ આનંદનો દહાડો—વિર વિજય.

વિક્રમ— (૭૨)

તમે કરો તરત તૈયારી મને હર્ષ થયો છે ભારી;
ભદ્રપુરીમાં જઇને આપો આવ્યાની ખબર ઝટ મારી.
સહુ સામગ્રી તૈયાર કરજો વિવાહની વાત મન ધારી;
સાથ તેડીને ચાલો આજે મુજ પ્રભા ચંદ્રિકા પ્યારી.

મહુકો— (૭૩)

ફજેતા આ કજોડાના જુઓ સજ્જન તમે શાણા;
પૈસાદાર નીજ પુત્રને વ્હેલી સોંપે વેઠ;
અંદર પોલંપોલ પણ કહેવાતા એ શેઠ;
દીએ કન્યા લઈ નાણાં—જુઓ.
નાના નાવલીઆ થકી મોટી ન બાંધે મન,
પાપી જોડું જોયના જોય એટલું ધન;

વંધ્યાં વ્યભિચારી ઠેકાણું—જુઓ.

ચંદ્રિકા— (૭૪)

પ્રભાવતિ—

વ્હાલા વાલમજી વેણુ હવે રંગ અનંગ ઉભરાય આજ;

ચંદ્રિકા—

દુઃખ વાદળ હવે દુર થતાં પ્રિય ચંદ્રકાંત સુખ આપો અતિરે;
મુજ તન મનના આપ અધિશ્વર રસ રસીઆ મ્હોલાને તમે;

પ્રભાવતિ—

અલબેલાજી આપ અંતરમાં પ્રેમ પ્રભા હું દેખું આજે,
પ્રિતમ આજ અતિ આનંદથી આરોગો અમ્રતરે;

પ્રેમ— (૭૫)

પ્રિયા મુજ પ્રાણથી પ્યારી થયોછું આજ આભારી.
વધુ બોલું શું વિસ્તારી મતિ મારી ગઇ હારી;
રહીશ હું આપની સંગે, અધર રશ પીશ આનંદે;
પ્રભાને ચંદ્રિકા પ્યારી જીવન દોરી તમે મારી;

ચંદ્રિકા } (૭૬)
પ્રભાવતિ } રસીઆજીરે દર્શ ફરી ઝટ દેજો.

પ્રિતમજી દીન દાસી તણી એ અરજી ઉર ધરી લેજો;

પ્રેમ—અલગ રહું જો આપ થકી પ્રિય તો ધિઃક ધિઃક તમે કેજો

ચં૦પ્ર૦-પ્રાણ વલભ પરતિત તમારી અધિક અંતર મહીં છે જો;

વારાંગના— (૭૭)

જય જય વદો વાણી આનંદ દીન આજ,
ધર્માસનપર આપ બિરાજ્યા પ્રેમસેન મહારાજ;
શાંતી શાંતી રહી છવાઇ આજ ભદ્રપુરી માંહી,
દીન જનના તન મનના દુઃખ ટળીઆ સુખ મળીઆ;
અહાહાહા આજ થયું શુભ કાજ મલ્યા મ્હારાજ વધ્યો સુખ સાજ

અધા— (૭૮)

કૃપા ઇશની જગદીશની,

પ્રેમ— આજ થઇ છે અપાર.

ચં૦પ્ર૦—

સુખકાર નિરધાર.

વિદ્રુમ—

માનું હું મુજ મન મહીં છે મંગલ દીન આજ,
સૌજન આનંદ પામીઆ થયું પુર્ણ શુભ કાજ,

વારાંગના—

તાનાદીમ તાનાદીમ તાના દરે'ના;
તાનાનાદરદીમ તનોમ તનનોમ તનનોમ

ધીગીન કીટીધા ધીગીન કીટીધા ધીગીન કીટીધા,
સાસાસા નીનીની ધધધ પપપ મમમ,
ગગગ રેરે સા—(૨)-
સુખકર દુઃખહર જગપર નરવર;
સુંદર અજર અમર ઇશ્વર,
સા, ની, ધ, પ, મ, ગરેસા; કૃપા ઇશની.

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી પાસેથી નીચે મુજબ કિંમતની ગાયનના ઓપેરાની ચોપડીઓ બાહાર પડીછે તે જે સાહેબોને જોઈતી હશે તેને રોકડે પૈસે વાંકાનેર આર્ય હિત વર્ધક નાટક કંપની પાસેથી મળશે.

	કિંમત.
કુમુદ કિશોરી નાટકના ઓપેરા	૦—૨—૦
પ્રેમચંદ્રિકા નાટકના ઓપેરા	૦—૨—૦
શૂરવીર શિવાજી નાટકના ઓપેરા.	૦—૨—૦
હરિશ્ચંદ્ર નાટકના ઓપેરા.	૦—૨—૦
ગોપીચંદ નાટકના ઓપેરા	૦—૨—૦
કેહારસિંહ પરમાર નાટકના ઓપેરા	૦—૨—૦
સીતા સ્વયંવરના ઓપેરા.	૦—૨—૦
મહારાણા પ્રતાપસિંહના ઓપેરા રૂ.	૦—૨—૦

એ રીતે પુસ્તક અમારી પાસેથી મળશે તથા વઢવાણ શેહેરમાં ત્રવાડી જેશંકર મોરારજી પાસેથી, મોરબીમાં રા૦ ભટ ચકુ વિ. જુઠા, તથા રા૦ સોની પોપટ વિ૦ ભગવાનજી પાટણમાં રા. રા. દશરથલાલ ગંગારામ તથા પાટડીમાં રા. રા. વેલાજી રણછોડદાસ પાસેથી, તથા વડોદરામાં પંડ્યા જમનાશંકર દોલતરામ પાસેથી તથા ભાવનગરમાં રા ત્ર્યંબકલાલ નથુભાઈ પાસેથી એ રીતે મળશે.

વિનતી.
ગ્રંથકર્તા